# લગ્નેચ્છા તો નથી જ, નથી જ, નથી નથી

પ્રાણભાઈને જોઈને મેં તો તરત જ ભાખેલું કે આ સિદ્ધાંતનો કટકો છે. પહેરવેશમાં પાણકોરું ને વાતચીતમાં વિનય. વળી વાતચીતમાં વચ્ચેવચ્ચે પૂર્ણવિરામની જગ્યાએ સ્મિતવિરામ. એની પણ કિસમ કિસમ. કદીકને એમના મનમાં ખીજ ચડે તો પણ સ્મિત. સમજાવટ કરવાની હોય તો પણ સ્મિત. જોકે એટલું ખરું કે આ બધાં જ સ્મિતનાં પહોળાઈ ને પ્રકાર અલગઅલગ. માત્ર એમનું કોઈ કાયમનું અંતેવાસી જ કહી શકે કે આ પ્રાણભાઈ હમણાં મરક્યા એનો મતલબ શો?

સિદ્ધાંતનો કટકો એટલા માટે કે ઘરભંગ થયા પછી ફરી લગ્ન નહીં તે નહીં જ વળી. સમજાવનાર સમજાવી સમજાવીને બેવડા વળી ગયા, પણ પ્રાણભાઈએ મંદમંદ સ્મિત કર્યે રાખ્યું. મતલબ કે ના ના ને ના જ. આવડી મોટી મહાભારતી મહાવિદ્યાલય જેવી સંસ્થાના સંચાલક, ને છતાં કોઈ દીકરી ના વરાવે એવું બને નહીં. ઘરભંગ થયા પછી તરત જ એક પ્રધાનની દીકરીનું માગું આવેલું, પણ મરકીને વળી પ્રાણભાઈ બોલ્યા : ‘લગ્નેચ્છા નથી.’

‘કેમ?’ એક મિત્રે પૂછ્યું : ‘ઘરડા થયા?’

‘ના.’ એ બોલ્યા. લગ્નેચ્છા નથી તે નથી જ. ‘ગાંધીબાપુની જેમ એકપત્નીવ્રત.’

મિત્ર મૂંગો થઈ ગયો. પ્રાણભાઈ મોટાઈભર્યું હસ્યા.

એવામાં શાળામાં સંસ્કૃતમાં માસ્તરની જગ્યા ખાલી પડી. પ્રાણભાઈ પોતે સંસ્કૃતના કીટ, પણ કેટલેક પહોંચે? કોઈને ભરવાનો વિચાર કરતા હતા ત્યાં જ બાતમી-એટલે કે માહિતી મળી કે નવાપરની સંસ્કૃતશિક્ષિકા જશુબહેન વિધવા થયા પછી એ ગામ જ સમૂળગું છોડવા માગે છે ત્યારે તરત જ સામેથી

માણસ દોડાવ્યું :‘અમે અમારી સંસ્થામાં એક સંસ્કૃતશિક્ષિકા સેવાર્થે લેવા માગીએ છીએ. ઇચ્છુક હો તો અવશ્ય આવશો. વેતન વગેરે પ્રત્યક્ષ મળ્યા પછી નક્કી કરીશું.’

જશુબહેન તરત જ રૂબરૂ આવી ગયાં. પ્રાણભાઈએ સ્મિત કરીને આવકાર આપ્યો. જળપાન કરાવીને સંસ્થાદર્શન કરાવવા લઈ ગયા. ઉદ્યાન અને ઉદ્યાનની વચ્ચે અધ્યાપનકુટિર જોઈને જશુબહેન અત્યંત પ્રભાવિત થયાં. પ્રાણભાઈ એમના પ્રભાવિત થવાને કારણે ઓછાઓછા થઈ ગયા. અને એ મતલબનું સ્મિત કર્યું. અને બોલ્યાં : ‘સંસ્થા બાળકોને સિદ્ધાંતલક્ષી કેળવણી આપવામાં માને છે.’

બગીચામાં ઠેરઠેર સિદ્ધાંતો ચીતરેલાં પાટિયાં માર્યાં હતાં. એ તરફ જોઈને જશુબહેન ઝીણા અવાજે બોલ્યાં : ‘મને અહીં કામ કરવું ખરેખર ગમશે.’

‘વેતનેચ્છા?’ પ્રાણભાઈએ પોતાના કાબરચીતરા, ટૂંકા વાળવાળા મસ્તક પર હાથ ફેરવીને પૂછ્યું, પ્રસન્ન થાય ત્યારે આવું કરવાની એમની સહજતા હતી.

જશુબહેન સંસ્કૃતવાળાં હોવા છતાં ‘વેતનેચ્છા’માં સમજ્યાં નહીં. એમણે સંધિ છોડવાનો પ્રયત્ન કર્યો ત્યાં પ્રાણભાઈએ જ છોડી આપી : ‘આપની કેટલા વેતનની ઇચ્છા છે?’

‘ઓહ...’ જશુબહેને કહ્યું. પછી મનમાં ગણતરી માંડી. એકલાં જ હતાં. મહિનાનો ખર્ચ, મકાનભાડું, કપડાં-લત્તાં, વીજળીબિલ, માંદગી... વિચાર કરતાં હતાં ત્યાં જ પ્રાણભાઈએ પૂછ્યું : ‘સંસ્થામાં નિવાસેચ્છા ખરી?’ પછી વળી મલકીને ઉમેર્યું : ‘એ ઇચ્છશો તો નિઃશુલ્ક થઈ શકશે.’

ક્વાર્ટર્સ મફત મળે તો તો મોટો પ્રશ્ન ઊકલી જાય. એકલી યુવાન સ્ત્રી માટે સંસ્થામાં જ જો રહેવાની જોગવાઈ થઈ જતી હોય તો તો ઉત્તમ. એમણે પ્રાણભાઈની વાત સાભાર સ્વીકારી લીધી.

આ પછી પગાર ઇત્યાદિ માટે ઝાઝી બાંધછોડને અવકાશ રહ્યો જ નહીં. જશુબહેન બહુ જલદી સરસામાન લઈને આવી ગયાં.

■

નિવાસસ્થાન નાનું પણ સુઘડ હતું.સુઘડ હોય જ, કારણ કે સુઘડતા એ પ્રાણભાઈનો પ્રથમ સિદ્ધાંત હતો.

આ મકાનમાં અગાઉ કોઈ શિખાઉ ચિત્રકાર રહેતો હશે. એણે દીવાલો આડેધડ ચીતરી મેલી હતી. પ્રાણભાઈના લક્ષમાં આ હતું જ. એ તરત જ જાતે ચૂનાની ડોલ લઈ આવ્યા. પીંછડો અને મટોડી લઈ આવ્યા. 'જાતે શ્રમ કરી સ્વાવલંબી બનવાનો મારો સહજ સિદ્ધાંત છે.' એમ બોલીને દીવાલને ત્વરાથી ધોળી આપી. પછી સિદ્ધાંતદર્શક સિદ્ધાંતો લખેલાં કેટલાંક સુવાક્યોનાં પાટિયાં લઈ આવ્યા અને જશુબહેનના નિવાસની ભીંતે ખીલીઓ ઠોકીઠોકીને વળગાડી દીધાં. પછી બોલ્યા : 'સુવાક્યેચ્છા મારા મનમાં પહેલેથી જ.'

જશુબહેને જોયું તો સુવાક્યના એક પાટિયાને પ્રાણભાઈ એક ભીના કપડાના ટુકડાથી ઘસીઘસીને વધુ સ્પષ્ટ બનાવતા હતા. જશુબહેને નજર ખેંચીને ઉકેલ્યું તો એના પર લખ્યું હતું : 'હરીચ્છા બલિયસી.'

પછી જશુબહેન તરફ જોઈને એમણે કરુણ સ્મિત કર્યું. બોલ્યા, 'મારાં અર્ધાંગિનીના અવસાન પછી મારા માટે આ સુવાક્ય મારા હૃદયે વજ્રલેપસમાન બની ગયું છે!'

'કેટલાં વરસ થયાં મારાં બહેનને ગુજરી ગયે?' જશુબહેને ધીરેથી પૂછ્યું : 'અને કેમ કરતાં?'

પ્રાણભાઈએ નિઃશ્વાસના પર્યાય જેવું સ્મિત કર્યું, 'બે વર્ષ થયાં. એ આઠમી કસુવાવડમાં ગયાં. મારો સિદ્ધાંત હતો કે ઔષધમાં તો આયુર્વેદ જ, અન્યથા પ્રાણાંતે પણ નહીં. એમાં એમનું દેહાવસાન જરી વહેલું થયું.'

અરેરાટી વ્યક્ત કરીને જશુબહેન મૂંગાં થઈ ગયાં.

થોડીવારે પ્રાણભાઈએ પૂછ્યું, 'તમારે?'

'દોઢ વરસ થયું.' જશુબહેનની આંખો ભીની બની : 'સર્પદંશ થયો હતો. દવાખાને પણ લઈ ગયા, પણ પ્રાણ ના બચ્યા.'

પ્રાણભાઈએ શોક વ્યક્ત કરતું મંદ સ્મિત કર્યું : 'ઈશ્વરેચ્છા, બીજું શું?'

સારી એવી વાર સુધી બેમાંથી કોઈ કશું ન બોલ્યું. જશુબહેન તો મોંએ સાડીના છેડાનો ડૂચો દઈને રડમસ ચહેરો બેઠાં જ રહ્યાં. ડૂમો ભરાઈ આવ્યો હતો, પણ પ્રાણભાઈ આસ્તેકથી બોલ્યા : 'મારા ઘરભંગ થવાને પણ હું ઈશ્વરેચ્છા જ લેખું છું. નહીં તો મારા માટે આપણા રાજ્યના એક પ્રધાનનાં વરિષ્ઠ પુત્રીનું કહેણ હતું, પણ મેં લગ્ન નહીં કરવાનો દઢ નિર્ધાર કર્યો છે. તરત જ કહેવડાવી દીધું : 'હવે લગ્નેચ્છા નથી.'

જશુબહેનને એમના માટે માન ઊપજી આવ્યું. એમણે પહેલી જ વાર પ્રાણભાઈને ધારીને જોયા. વાળ જરી કાબરચીતરા હતા, પણ ઉંમર ખાસ મોટી ના કહેવાય. ચહેરા ઉપર રાતી બુંદ લાલી હતી. શરીર તંદુરસ્ત પણ સારા લાગતા હતા. પાછો માણસ આવડી મોટી નામી સંસ્થાનો સંચાલક. કોઈ પણ રીતે બીજાં લગ્ન માટે અયોગ્ય ના કહેવાય.

વિચારતાં વિચારતાં એ જરા લજવાઈ ગયાં. એક જ દિવસની મુલાકાતમાં વિચારવું જરા વધુ પડતું ગણાય, પણ જો આ સંસ્થામાં જ ભણાવવાનું હોય, આ સંસ્થામાં જ રહેવાનું હોય, અને જો આ જમાનામાં પુનર્લગ્નની કોઈ નવાઈ ના રહી હોય તો...

એમણે પ્રાણભાઈ તરફ નવી નજરે જોયું. ને વળી લજવાઈ ગયાં, પણ પ્રાણભાઈ તો જાતને કહેતા હોય તેમ જમીન તરફ જોઈને હાથમાં ચૂનાનો પીંછડો ટપકાવતાં બોલતા હતા : 'લેશમાત્ર લગ્નેચ્છા નથી, હવે એ બંધન તો ના જ જોઈએ. સ્વર્ગમાંથી અપ્સરા કેમ ઊતરી નથી આવતી? લગ્નેચ્છા નહીં જ સેવવાની.

મારો એ વહાલો સિદ્ધાંત છે. ગાંધીચીંધ્યા માર્ગે ચાલનારે તો એકપત્નીવ્રત જ...'

વાત ચાલતી હતી એ દરમિયાન બારી પાસે જરા ખખડાટ થયો. બંનેએ જરી ઊંચી ડોક કરીને જોયું તો સાંજના અંજવાસમાં કોઈ નજીકમાંથી ઝડપથી ચાલ્યું ગયું હતું. કોણ હશે? જશુબહેનના મોં પર એકદમ મૂંઝવણ પથરાઈ ગઈ, પણ પ્રાણભાઈ પહોળું સ્મિત કરીને બોલ્યાઃ 'અન્યની વાતો સાંભળવાની ઇચ્છા રાખનાર સર્વત્ર હોય છે. એની ચિંતા ના સેવવી.'

એ ઊભા થયા. ડોલ અને પીંછડો લઈને બારણા તરફ ચાલ્યા અને પછી વળી જરી અટકીને બોલ્યા : 'અહીં ચોર આદિનો ભય નથી. રાત્રિના હું ઘણીયે વાર તપાસાર્થે નીકળતો હોઉં છું.' પછી વળી હળવેથી ઉમેર્યું : 'હવે તો એકલો જ રહ્યોને. શું કામ હોય?'

એ ગયા પછી જશુબહેને બારણું અટકાવ્યું.ને વાંચવા બેઠાં.

રાતે દસ વાગ્યે એ પુસ્તક મૂકીને સૂવાની તૈયારી કરતાં હતાં ત્યાં જ બારીના સળિયા પાછળ કોઈનું કાબરચીતરું માથું દેખાયું. બરાબર જોયું તો પ્રાણભાઈ હતા. એમના હાથમાં લાકડી અને ટૉર્ચ! બારીમાંથી એમણે દાંત દેખાડીને સ્મિત કર્યું. પછી બોલ્યા : 'મારો સિદ્ધાંત છે કે રાત્રિના દસ પછી કોઈને વિક્ષેપ ના કરવો, પણ મનમાં એક વાત ઊગી તે કહેવા આવ્યો છું.'

જશુબહેન બારણું ખોલતાં અચકાતાં હતાં એ જોઈને એમણે વળી નિર્ભય રહેવાની ખાતરી આપતું સ્મિત કર્યું : 'લગ્ન અંગેની વાત છે. દ્વાર ખોલો તો જ કહી શકાય તેમ છે.'

સિદ્ધાંતનિષ્ઠ માણસ તરફથી અંદેશો શો રાખવો? વળી કદાચ...જશુબહેનને મનોમન થોડું લજ્જાળું હસવું આવ્યું. કદાચ પ્રાણભાઈએ લગ્ન અંગેના સિદ્ધાંતમાં મને જોઈને થોડી બાંધછોડ કરી હોય. એક લગ્ન દ્વારા બે વૈધવ્યનો અંત આણવા માગતા હોય.

એમણે બારણું ખોલીને કહ્યું : 'આવો.'